અમેરીકાસ્થીત નટવર ગાંધી

લીખીત

# ‘એક અજાણ્યા ગાંધીની આત્મકથા’

ના કેટલાક અંશો




## 1.

2007ના નવેમ્બર મહીનાની સાતમી તારીખને હું જીન્દગીમાં ક્યારેય ભુલવાનો નથી.

મારા જીવનમાં, મારી કારકીર્દીમાં, એ દીવસે મોટો ધરતીકંપ થયેલો. હું ત્યારે અમેરીકાની રાજધાની વોશીન્ગ્ટનનો સી.એફ.ઓ. એટલે કે ચીફ ફાઈનાન્સીઅલ ઑફીસર હતો. એ દીવસે યુ.એસ.એટર્નીની ઑફીસમાં પ્રેસ કોન્ફરન્સ હતી. વોશીન્ગ્ટનના મેયર, એફ.બી.આઈ.ના અને શહેરના ઉચ્ચ અધીકારીઓ હાજર હતા. વોશીન્ગ્ટન પોસ્ટના અને બીજાં છાપાંઓ તેમ જ ટીવીના ભરાડી રીપોર્ટરોથી ખીચોખીચ આખો હોલ ભરાઈ ગયો હતો. એ બધા અમારા આવવાની રાહ જોતા 'માણસ ગંધાય, માણસ ખાઉં' એમ કરતા અધીરા થઈને બેઠા હતા.

મારા હાથ નીચે જે ટેક્સ ઑફીસ ચાલતી હતી એમાં પચાસ મીલીયન ડોલરનું કૌભાંડ થયું હતું. સી.એફ.ઓ. થયો એ પહેલાં ત્રણ વરસ હું વોશીન્ગ્ટનનો ટેક્સ કમીશ્નર હતો. જો કે આ કૌભાંડ લગભગ વીસેક વરસથી ચાલતું હતું. પણ મુદ્દાની વાત એ હતી કે જ્યારે ચોરી પકડાઈ ત્યારે હું સી.એફ.ઓ. હતો, અને એ ચોરી કરનારા ટેક્સ ઑફીસરો મારા હાથ નીચે કામ કરતા હતા. એમના ગેરવર્તનની જવાબદારી મારી.

## 2.

આ પ્રેસ કોન્ફરન્સમાં વોશીન્ગ્ટનના રીપોર્ટરો મેયરને એક પછી એક, એમ આકરા પ્રશ્નોથી પજવવા લાગ્યા. કહેતા હતા કે : 'જુઓ તમારા હાથ નીચે કેવું મોટું કૌભાંડ થયું!' એ વખતે હું મેયરની બાજુમાં જ; પણ પાછળ ઉભો હતો. ત્યાંથી તરત આગળ આવીને મેં કહ્યું કે : 'આ બાબતમાં બધી જ જવાબદારી મારી છે. એમાં જે બદનામી થવી જોઈએ, તે મારી થવી જોઈએ; મેયરની નહીં. જે કંઈ સવાલ પુછવા હોય એ મને પુછો.' પછી તો એ પ્રેસ કૉન્ફરન્સનું ટારગેટ હું બની ગયો. બધા મારી ઉપર તુટી પડ્યા. હવે ટીવી કેમેરાઓએ મારી પર મીટ માંડી. આંખને આંજી દેતી કેમેરાની એ લાઈટ્સ, હાથમાં રેકોર્ડીંગ મશીન લઈને ધક્કામુક્કી કરતા અનેક રીપોર્ટરો, ટોકીંગ પોઈન્ટ્સ અને નોટ્સ લઈને તમને તૈયાર કરતો સ્ટાફ- -ક્લાસીક વોશીન્ગ્ટન પ્રેસ કૉન્ફરન્સમાં જે બધું હોય તે અહીં હતું.

## 3.

બીજે દીવસે અને પછી મહીનાઓ સુધી, વોશીન્ગ્ટન પોસ્ટ અને બીજાં છાપાંઓમાં મારા ફોટા સાથે એ કૌભાંડના સમાચારો પહેલે પાને પ્રગટ થયા. કહેવામાં આવ્યું કે વોશીન્ગ્ટનના ઈતીહાસમાં ક્યારેય પણ આવું મોટું કૌભાંડ થયું નથી. ત્યાર પછી તો મહીનાઓ સુધી મારી ઉપર કંઈક માછલાં ધોવાયાં. અમેરીકામાં છાપાંવાળા

જ્યારે કોઈની પણ પાછળ પડે ત્યારે એનાં છોતરાં જડમુળથી કાઢી નાખે. ભલભલાને જોત જોતામાં ભોંય ભેગા કરી દે!

## 4.

આજે હું નીવૃત્ત થઈને બેઠો છું ત્યારે વીચાર આવે છે કે આ જીન્દગીમાં હું ક્યાંથી નીકળ્યો અને ક્યાં પહોંચ્યો! મારી ગતી અને પ્રગતી એવી અને એટલી તો અણધારી નીવડી છે કે મારા જન્મ સમયે કુંડળીમાં જે કાંઈ લખાયું હશે અથવા જોષીએ જે કાંઈ ભવીષ્ય ભાખ્યું હશે, તેમાંથી ભાગ્યે જ કંઈ સાચું પડ્યું હશે. ક્યાં અમારું ધુળીયું ગામ, જેમાં મારા જન્મ વખતે હજી ઈલેક્ટ્રીસીટી પણ આવી નહોતી અને જ્યાં પીવાનું અને નાવાધોવાનું પાણી નદીએથી લાવવું પડતું, અને ક્યાં વીશ્વની મહાન સત્તા અમેરીકાની રાજધાની વૉશીન્ગ્ટન? ક્યાં મુંબઈની મુળજી જેઠા મારકેટમાં કરેલી અદના ગુમાસ્તાની નોકરી અને ક્યાં વૉશીન્ગ્ટનના પાવરફુલ ચીફ ફાઈનાન્સીયલ ઑફીસરની પોઝીશન? ક્યાં મુંબઈમાં એક ઘોલકી શોધવા માટે અસહ્ય મુશ્કેલીઓ વચ્ચે કરેલો આંધળો રઝળપાટ અને ક્યાં અદ્યતન સુવીધાઓથી સજ્જ અમારું વીશાલ ઘર અને એનું એકાદ એકરનું હરીયાળું બેક યાર્ડ? ક્યાં મારી મુંબઈની ગુલામગીરી અને ક્યાં અહીં 'વૉશીન્ગ્ટનોઅન ઑફ ધી ઈયર' કે 'મોસ્ટ પાવરફુલ વૉશીન્ગ્ટનોઅન્સ'માં મારી ગણતરી? ક્યાં નાતની વીશીઓમાં જેમતેમ લુસલુસ ઉભડક ખાવાનું અને ક્યાં વ્હાઈટ હાઉસનું સ્ટેટ ડીનર? આવી એક્સ્ટ્રીમ પરીસ્થીતીઓ વચ્ચે થયેલી મારી અણધારી જીવનયાત્રાનું મને જ મોટું આશ્ચર્ય છે.

## 5.

અને આ બધાં ઓછાં હોય તેમ મારા જીવનમાં કોઈ એક વ્યક્તીને આદર્શ તરીકે ઠેઠ કીશોરવયથી મેં માની હોય તો એ છે : 'ગાંધીજી'. હાઈ સ્કુલમાં ગુજરાતી ગદ્યપદ્યના પાઠ્યપુસ્તકમાં ગાંધીજીની આત્મકથાના થોડાંક પ્રકરણ હું ભણ્યો હતો. એ મારો ગાંધીજીનો પહેલો પરીચય. એ પ્રકરણોમાં તેમના શરુઆતના આફ્રીકાના દીવસોની, ખાસ કરીને ટ્રેનમાંથી તેમને ધક્કો મારી કાઢી મુકાયેલા અને સીગરામમાં એમની પર પડેલો સખત માર, ત્યાં તેમનો જે હુરીયો બોલાયેલો તે બધી વાતો હતી. નીરાડંબર અને સરળ ગુજરાતીમાં લખાયેલી આ વાતો મને એટલી તો ગમી કે દોડીને લાયબ્રેરીમાં જઈ એમની આત્મકથા લઈ આવ્યો.

બસ, ત્યારથી મને ગાંધીજીનું ઘેલું લાગ્યું. એમણે જે પ્રામાણીકતાથી પોતાને વીષે લખ્યું હતું - એમના બાળલગ્ન, યૌવનસહજ જાતીય ઉત્સુકતા, ભીરુતા, લંડનમાં એમના ખાવાપહેરવાના હાસ્યાસ્પદ પ્રયોગો, મુંબઈમાં

એમના વકીલ થવાના નીષ્ફળ પ્રયત્નો, દક્ષીણ આફ્રીકામાં પડેલી અસહ્ય હાડમારીઓ- -આ બધી વાતો આત્મકથાને અત્યંત રસપ્રદ બનાવે છે; પરંતુ સાથે સાથે એ એમના ચારીત્ર્ય અને એમના નીત્ય પરીવર્તનશીલ જીવનની પણ ઝાંખી કરાવે છે. સરળ, નીખાલસ અને નીરાડંબર શૈલીમાં લખાયેલી આ આત્મકથા માત્ર ગુજરાતી સાહીત્ય જ નહીં; પણ વીશ્વસાહીત્યનું એક ઉત્તમ આત્મનીવેદન છે.

## 6.

સાડા સાત દાયકાની આ જીન્દગીની સફર પછી મારી સફળતા અને નીષ્ફળતાની વ્યાખ્યા પણ ધુંધળી બની ગઈ છે. હવે મને ખબર નથી પડતી કે કોને મહાન કહેવા અને કોને પામર? હવે કોઈને એવાં લેબલ લગાડવાં એ પણ મને યોગ્ય નથી લાગતું. એક વસ્તુની સ્પષ્ટતા જરુર થઈ છે. જે લોકો એમ કહે છે કે એમની અસાધારણ સીદ્ધીઓ અને સફળતાઓ આપકમાઈની છે; તો એ વાતમાં હું માત્ર એમની બડાશનાં બણગાં જોઉં છું. ઉલટાનું આવા સફળ માણસની પાછળ હું એના જન્મ, કુટુમ્બ, સમાજ, ઉછેર, ભણતર, મીત્રો, જીવનસાથી, નસીબ, વગેરે વસ્તુઓ જોઉં છું. એનો અર્થ એ નથી કે વ્યક્તીગત બુદ્ધી, પ્રયત્ન, ધગશ, પરીશ્રમ વગેરે જરુરી નથી. કહેવાનું માત્ર એટલું જ કે, જેને ઈંગ્લીશમાં આપણે 'self-made man' કહીએ છીએ તે વાત કપોળકલ્પીત છે!

## 7.

છતાં આ લખું છું, તે કદાચ કોઈને ઉપયોગી નીવડી શકે, એવો છુપો આશય પણ છે.

ગઈ સદીના વચલા દાયકાઓમાં દેશનાં નાનાં ગામોમાં તેમ મુંબઈ જેવા શહેરમાં, સામાન્ય લોકો હાડમારીભર્યું જીવન કેમ જીવતા એનું અહીં વર્ણન કરવા પ્રયત્ન છે. સાસરે ગયેલી વહુ, પીયરની વાત કરતા જેમ લાગણીશીલ કે રોમેન્ટીક બને છે; તેમ દેશ છોડીને વર્ષોથી પરદેશમાં વસતા લોકો વતનની વાતો કરતા આવી લાગણીઓ પ્રદર્શીત કરે છે. હું એવી લાગણીઓથી બચ્યો છું કે નહીં એ તો વાચકે જ નક્કી કરવાનું છે.

અહીં જે ઘટનાઓ રજુ થઈ છે તેને થયે તો ભવ વીતી ગયો છે. મારા વતનમાં જ્યાં મારો જન્મ અને ઉછેર થયો, મુંબઈમાં જ્યાં જ્યાં મેં નોકરીઓ કરી, અને અમેરીકામાં મેં જ્યાં જ્યાં શરુઆતમાં વસવાટ કર્યો- -એ વીશેની વાતો પચાસ–સાંઠ વરસ જુની છે. એ બધી હકીકતો પર, એ અનુભવો પર સ્મૃતી-વીસ્મૃતીના કંઈક થરો

લદાયેલા છે. અહીં એ ઘટનાઓ, એ અનુભવોની વાત જરુર છે; પણ એ બધું જેમ અને જેવી રીતે યાદ રહ્યું છે તે પ્રમાણે લખાયું છે. ક્યારેક સ્મૃતી દગો દે છે, તો ક્યારેક એવું પણ બને છે કે, જેમ કોઈ જુના તામ્રપત્ર પર જે લખાયેલું હોય તે ભુંસાઈ જાય છે; છતાં ઈતીહાસકાર એ કાળનો ઈતીહાસ તો લખે જ છે. એ ઈતીહાસમાં કેટલું સાચું માનવું એ પ્રશ્ન પણ ઉભો રહે છે. કોઈ પણ આત્મકથનાત્મક લેખનમાં આવી મર્યાદા પણ રહે છે. માનસશાસ્ત્રીઓ આ પ્રકારના લેખનને palimpsest કહે છે. એવું લખાણ પણ અહીં હશે જ એમ હું માનું છું. અને છતાં વીખ્યાત મનોવીજ્ઞાની ઓલીવર સેક્સ કહે છે તેમ મોટે ભાગે આપણી સ્મૃતીઓ ભાગ્યે જ ખોટી પડતી હોય છે. હા, એ બધી સ્મૃતીઓ આપણા આત્મરંગે જરુર રંગાયેલી હોય છે. અને જેમ જેમ પરીસ્થીતી બદલાતી રહે છે તેમ તેમ એ રંગ બદલાતો રહે છે. છતાં આ સ્મૃતીઓ બનેલી ઘટનાઓને વફાદાર રહેતી હોય છે. આ આત્મકથનમાં કેટલીક જીવન્ત વ્યક્તીઓનાં નામ લખ્યાં નથી અથવા તો ફેરવ્યાં છે. છતાં હકીકતો અને બનેલા બનાવો વીષે સચ્ચાઈ અને પ્રામાણીકતા જાળવીને જ લખ્યું છે.

આ પ્રાસ્તાવીક નીવેદન પછી પણ જો વાચકમીત્રો ચેત્યા ન હોય અને આગળ વધવું જ હોય તો જરુર આગળ વધે ! પોતાના હીસાબે અને જોખમે !

–નટવર ગાંધી


સર્જકસમ્પર્ક:

Natwar M Gandhi

4301 Military Road NW, Suite 510, Washington, DC 20015

Telephone 202-302-5844 Website: www.natwargandhi.com


(સર્જકનો વીગતપુર્ણ પરીચય, એમની સાહીત્યીક પ્રવૃત્તી અને એમનાં સઘળાં પ્રકાશનોની વીગતવાર માહીતી માટે લેખકની વેબસાઈટ : **www.natwargandhi.com** જોવા વીનન્તી..)

વહાલા વાચકો,

વાંચી ગયાને ઉપરના બધા અંશો ? તમને થશે : 'આ તો જબરો ગાંધી છે ને! કામેય જબરાં કર્યાં છે!'

પણ ભાઈ, હું તમને છેતરું નહીં. આ આત્મકથાના અંશો છે જ નહીં! આ તો છે 344 પાનાંના આત્મકથાના આ ગ્રંથની શરુઆતમાં, લેખકે જાતે લખેલી પુ...રાં બાવીસ પાનાંની 'પ્રસ્તાવના'ના કેટલાક અંશો.. આમાં આત્મકથાનો એકે અક્ષર નથી. આત્મકથા વાંચવા તો તમારે તે પુસ્તક પાસે જ જવું પડે.. લો, તેની વીગત નીચે આપું :

## 'એક અજાણ્યા ગાંધીની આત્મકથા'

કૉપીરાઈટ : નટવર ગાંધી
ઈ.મેલ : natgandhi@yahoo.com
પ્રકાશક : ઈમેજ પબ્લીકેશન પ્રા. લીમીટેડ, ગોપાલભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુમ્બઈ-400 002
ફોન : +91 22 2200 2691; 2200 13588
1-2, અપર લેવલ, સેંચુરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ-380 006
ફોન : +91 79 2656 0504; 2644 2836 ઈ.મેલ : imageabad1@gmail.com
Visit us on : http://suresh-dalal.in
પ્રથમ આવૃત્તી : મુલ્ય : 400 રુપીયા; એરમેલ સાથે વીદેશમાં : 15 ડૉલર પાન સંખ્યા : 344
હવે આ પુસ્તકની ઈ.બુક નીચેની લીંક પર ઉપલબ્ધ છે :
**e-Shabda link :**
http://www.e-shabda.com/Ek-Ajaanya-Gandhini-Atmakathaa-Natwar-Gandhi-Autobiography-Gujarati-1803196725079
**Amazon link**
http://www.amazon.in/gp/aw/d/B073CP4GQ8/ref=mp_s_a_1_1?ie=UTF8&qid=1499742932&sr=8-1&pi=AC_SX118_SY170_FMwebp_QL65&keywords=natwar+gandhi
આભાર :
‘સન્ડે ઈ.મહેફીલ’ને આ પુસ્તક ભેટ મોકલવા બદલ લેખકશ્રીનો અને ઈમેજ પબ્લીકેશનનો ખુબ ખુબ આભાર.. ..ઉત્તમ ગજ્જર..

♦●♦

*સને 2006માં અમે અમેરીકા હતાં ત્યારે ભાઈ હરનીશ જાનીના સહયોગથી અમે પહેલી જ વાર વીદેશસ્થીત ગુજરાતી સર્જકોની ‘સ.મ.’ કરેલી. તેમાં તા. 09-07-2006માં કરેલી 57મી ‘સ.મ.’, નટવર ગાંધીનાં ચાર સૉનેટની હતી. સાહીત્યક્ષેત્રે એમની ઓળખ મુખ્યત્વે કવીની. ત્યારે કવીની તસ્વીર અને પરીચય પણ અપાતો. તેમાં ભાઈ હરનીશ જાનીએ એમના પરીચયમાં લખ્યું હતું :*

કવી–પરીચય

અમેરીકન કૉન્ગ્રેસમાં ગુજરાતના વાણીયાઓને બેસાડી દો; પછી જુઓ કે દેશ નફો કરે છે કે નહીં ! ઉદાહરણ હાજરાહજુર છે. અમેરીકાના કેપીટલ વૉશીંગ્ટન શહેરનું નાણાતંત્ર ખાડામાં હતું. ડીસ્ટ્રીક્ટ ઓફ કોલંબીયા 2000ની સાલ સુધી દર વર્ષે 500 મીલીયન ડૉલરની ખાધ કરતું હતું. ગુજરાતના આ ‘બીજા ગાંધી’ ચીફ ફાયનાન્શીયલ ઑફીસર બન્યા. આખા તંત્રને સીધું દોર કરી નાખ્યું ! આજે વૉશીંગ્ટન શહેર પાસે દોઢ અબજ ડૉલર ખાતામાં જમા બોલે છે. તેમાં 400 મીલીયન ડૉલર કેશ છે. પીતાના હાથમાં હાટડી હતી; દીકરાની બાથમાં અમેરીકાની રાજધાની છે.

સને 1940માં સાવરકુંડલામાં જન્મેલા શ્રી. નટવર ગાંધી લગભગ ચાર દાયકાથી અમેરીકામાં વસે છે. મગજમાં લક્ષ્મીજીને રાખે છે અને હૃદયમાં સરસ્વતી. સૉનેટ સર્જનમાં સારી ફાવટ ધરાવે છે. પ્રથમ કાવ્યસંગ્રહ

‘અમેરીકા અમેરીકા’ 2005માં પ્રગટ થયો અને ‘ઈન્ડીયા ઈન્ડીયા’ 2006માં. એમના કાવ્યસંગ્રહ ‘અમેરીકા અમેરીકા’માંથી વીણેલાં આ ચાર કાવ્યો, આપને ગમશે. ‘ખતવણી’ કાવ્ય તો ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકમાં સ્થાન પામવાને યોગ્ય છે.

–હરનીશ જાની - harnishjani5@gmail.com અને ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

વાચક જોઈ શકશે કે તે વેળા ૨૦૦૬માં ‘સ.મ.’ના અતીથી સમ્પાદક ભાઈ હરનીશ જાનીએ એમને ‘બીજા ગાંધી’ કહેલા. પહેલા ‘ગાંધી’ કયા તે તો આપણે સૌ જાણીએ. પણ આજે એમની પાસેથી ‘એક અજાણ્યા ગાંધીની આત્મકથા’ શીર્ષકની આત્મકથા મળતાં, તે ‘બે શબ્દ’ સાચા પડતા જણાયા છે..

..ઉત્તમ ગજ્જર..



સોમવાર 14 ઓગસ્ટ, 2017ની રાતે 8 વાગ્યે, અમેરીકાના ન્યુ જર્સીના એડીશનમાં, ‘ઓમકારા’ અને ‘ઈમેજ પબ્લીકેશન’ના એક ભવ્ય કાર્યક્રમમાં, ભાઈ ‘નટવર ગાંધી’ની આ આત્મકથા અને બહેન ‘પન્ના નાયક’ના ‘વીદેશીની–દ્વીદેશીની’ ગ્રંથનું લોકાર્પણ થઈ રહ્યું છે, તે બહુ જ ખુશીની વાત છે. બન્ને સર્જકો, પ્રકાશક અને આયોજકોને અભીનંદન..

..ઉ.મ.. (2017-08-10)

@

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષઃ તેરમું – અંકઃ 381 –August 20, 2017

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,38,70,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 79,73,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,36,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 6,37,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@